ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ગતિવિધિ

## સુમનદીપ વિધાપીઠ ડીમ્ડ યુનિવર્સિટી ખાતે મહિલાસશક્તિકરણ કાર્યક્રમ



વડોદરા :વડોદરા ખાતે આવેલી Sumandeep Vidyapeeth Deemed Universityમાં મહિલાસશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન અભયમ બાપોદ ટીમ દ્વારા 181 મહિલા હેલ્પલાઈન, વડોદરા તરફથી કરવામાં આવ્યું હતું, જેમાં અભયમ કાઉન્સેલર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અભયમ 181 મહિલા હેલ્પલાઈન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે કોઈપણ મહિલા, યુવતી કે વિદ્યાર્થીની મુશ્કેલીના સમયે 181 મહિલા હેલ્પલાઈન પર કોલ કરીને મદદ, માર્ગદર્શન તથા બચાવ મેળવી શકે છે.

## 30 ગામોની 180 સગર્ભા માતાઓને પોષણ કીટનું વિતરણ કરાયું



વડોદરા : પોષણ પહેલ પ્રોજેક્ટ અંતર્ગત નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ, સંસ્થા તથા ફાર્મસન બેઝિક ડ્રગ પ્રા. લી.ના સહયોગથી વડોદરા તાલુકાના ૩૦ ગામોની અતિ ઓછું વજન ધરાવતી ૧૮૦ સગર્ભા માતાઓને પોષણ કીટનું વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સોખડા, અનગઢ, રણોલી, કોયલી, સાંકરદા અને આસોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવ્યો હતો.

## અડાલજ થીમ પાર્ક અને હેરિટેજ સ્ટેપવેલ મ્યુઝિયમનું ઉદ્ઘાટન



વડોદરા : ગુજરાતના સાંસ્કૃતિક અને પર્યટન વિકાસમાં એક નવો માઈલસ્ટોન ઉમેરાયો છે. પ્રવેગ લિમિટેડ દ્વારા વિકસિત પ્રવેગ અડાલજ થીમ પાર્ક એન્ડ હેરિટેજ સ્ટેપવેલ મ્યુઝિયમનું ભવ્ય ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત તથા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ રહી. અડાલજની વિશ્વવિખ્યાત વાવથી પ્રેરિત આ થીમ-બેઝ્ડ ડેસ્ટિનેશન અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર સ્થિત છે.

## કાયદેસરના ખ્રિસ્તીઓને જ નાતાલ પર્વની ઉજવણીની મંજૂરી માટે આવેદન



સુખસર : સુખસર તથા ફતેપુરા તાલુકામાં વસવાટ કરતા અને નકલી ખ્રિસ્તી ધર્મ પાળતા લોકોને આગામી સમયમાં નાતાલની ઉજવણી માટે મંજૂરી નહીં આપવા માટે કટ્ટર હિન્દુવાદી લોકોએ આવેદનપત્ર આપ્યું હોવાનું જાણવા મળે છે.જેમાં કેટલાક લોકો સાચા ખ્રિસ્તીઓ ન હોવા છતાં હિન્દુમાંથી ખ્રિસ્તી બની બંને ધર્મના લાભો મેળવતા હોય તેવા નકલી ધાર્મિક લોકોને નાતાલ પર્વની ઉજવણી માટે મંજૂરી આપતા પહેલા તેઓની ખરાઈ કરી સાચા ખ્રિસ્તી લોકો હોય તેઓને જ મંજૂરી આપવામાં આવે તે બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

## બેલગામ વાહનોને અંકુશમાં લેવા સ્માર્ટ રોડ પર હવે સ્પીડ બ્રેકર



દાહોદ : સ્માર્ટ સિટી દાહોદમાં શાળા નજીક હોય તે જગ્યા ઉપર અંદાજે 54 થી વધુ જેટલા રબરના સ્પીડ બ્રેકર મૂકવામાં આવશે. જેનો હેતુ શહેરીજનોની સુરક્ષા, શહેરમાં બેલગામ દોડતી બાઈકો એસટી બસ અને ફોરવીલર ગાડીઓને અંકુશમાં લાવવા માટેના પ્રયાસ છે. આ રબરના ના પંપની ખાસિયત એ છે કે સાત વર્ષ સુધી 50 થી 55 ટન થી વધુ લોડ ધરાવતા ટ્રકો ભારે વાહનોને ખમી શકે તેમ છે.

---

વિશ્વ હિંદુ પ્રેરણા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહના બીજા દિવસે ભીડ વધતા મંડપ નાનો પડ્યો


# નવલખી મેદાનમાં વૈષ્ણવોનું ઘોડાપુર, અંદાજે 50 હજાર ભક્તોએ ભાગવત કથાનો લાભ લીધો

(પ્રતિનિધી) વડોદરા,તા.23

શહેરના નવલખી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વિશ્વ હિંદુ પ્રેરણા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહના બીજા દિવસે વૈષ્ણવ ભક્તોની અભૂતપૂર્વ ભીડ જોવા મળી હતી. પૂજ્ય પાદ ગોસ્વામી વ્રજરજકુમાર મહોદયશ્રીની દિવ્ય મધુરવાણીથી હજારો ભક્તો ભાવવિભોર બન્યા હતા. ભક્તોની સંખ્યા એટલી મોટી હતી કે મંડપ નાનો પડ્યો અને આસપાસના વિસ્તારોમાં પણ વૈષ્ણવોનો ઘોડાપુર ઉમટી પડ્યો હતો. આયોજકો મુજબ અંદાજે 50,000થી વધુ લોકોએ કથાનો લાભ લીધો.

કથાની શરૂઆત VYO એજ્યુકેશનના બાળકો દ્વારા "જય હો શ્રીનાથજી" અને "શ્રી મધુરાષ્ટકમ"ની સંગીત-નૃત્ય સાથેની ઝાંખીથી કરવામાં આવી, જેને લઈ સમગ્ર મેદાન ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું.

દ્વિતીય દિવસની કથામાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે શ્રીમદ્ ભાગવતના 12 સ્કંધ ભગવાનના 12 અંગ સમાન છે. દરેક સ્કંધ માનવજીવનને કલ્યાણ, ઉત્કર્ષ અને ઉન્નતિ તરફ દોરી જાય છે. તેમણે શ્રી વલ્લભાચાર્યજીના પ્રસંગો વર્ણવીને ભાગવત ગ્રંથના મહાત્મ્યને વિશેષ રીતે સમજાવ્યું. પૂજ્યશ્રીએ બુદ્ધિ, મન અને જીવન પર નિયંત્રણ રાખવાની પ્રેરણા આપતાં જણાવ્યું કે સત્સંગ, સેવા, જપપાઠ અને હરિનામ સંકીર્તન દ્વારા જીવન કૃષ્ણમય અને આનંદમય બને છે. સાથે જ આધુનિક યુગમાં મોબાઈલ પર સંયમ રાખવાની પણ સ્પષ્ટ સમજ આપી.



ડીન, પ્રાધ્યાપિકા સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા

# પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગ દ્વારા 3 પુસ્તકોનું વિમોચન

(પ્રતિનિધી) વડોદરા,તા.23

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગ દ્વારા નૃત્ય આધારિત 3 પુસ્તકોનું વિમોચન વાઈસ ચાન્સેલર પ્રો. ભાણગેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફેકલ્ટી ડીન, પ્રાધ્યાપિકા સહિત વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમ.એસ.યુનિવર્સીટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગ દ્વારા પુસ્તક વિમોચનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર.એમ.ભણગેએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. નૃત્ય વિભાગની ત્રણ પુસ્તકોમાં નૃત્યાધ્યાય - ડો. સ્મૃતિ વાઘેલા નૃત્યવિભાગીય અધ્યક્ષ,નૃત્ય વિશારદ ભાગ 1 - કું.ધ્વનિ ભરતકુમાર શાહ, નૃત્યવિભાગ પ્રાધ્યાપિકા અને યુજીસી નેટ પર્ફોર્મિંગ આર્ટ્સ ડાન્સ પેપર 2 - નમસ્યા પ્રજાપતિ શોધાર્થી



- નૃત્ય વિભાગનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેઓની વિશેષ ઉપસ્થિત એ વિભાગને ઉત્તરોત્તર કાર્યશીલ રહે તે માટે ઉત્સાહ તેમજ આશીર્વાદ પાઠવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ડીન પ્રો. ગૌરાંગ ભાવસારે પણ આશીર્વચન પાઠવ્યા હતા. વિવિધ વિભાગીય અધ્યક્ષ તેમજ વરિષ્ઠ પ્રાધ્યાપકો, શિક્ષકગણ અને વિધાર્થીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. વિભાગીય અધ્યક્ષ ડો.સ્મૃતિ વાઘેલાના કહેવા મુજબ આ કાર્યક્રમના આયોજન દ્વારા આજના યુગના વિધાર્થીઓને તેમજ બહારના દેશ થી ભણવા આવેલા વિધાર્થીઓને શાસ્ત્રનું મહત્વ તેમજ સંશોધનના કાર્યમાં અવિરત કાર્યરત રહેવું તેવી ભાવના વ્યક્ત કરી હતી.

ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું જરૂરી બન્યું

# સશક્ત રાષ્ટ્રનું નિર્માણ -આજે રાષ્ટ્રીય ઉપભોક્તા અધિકાર દિવસ

(પ્રતિનિધી) વડોદરા,તા.23

દર વર્ષે 24 ડિસેમ્બરના રોજ સમગ્ર ભારતભરમાં રાષ્ટ્રીય ઉપભોક્તા અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવો અને તેમ ને તેમના અધિકારો વિશે જાગૃત બનાવવાનો છે. વર્ષ 1986માં ભારતીય સંસદ દ્વારા ગ્રાહક સુરક્ષા અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો, જેનાથી દેશમાં ગ્રાહક ચળવળને મજબૂત કાનૂની આધાર મળ્યો. સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019 અમલમાં મૂકવામાં આવ્યો, જેમાં ઈ-કોમર્સ, ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને ઓનલાઈન વ્યવહારો માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

આ કાયદા હેઠળ ગ્રાહકોને સુરક્ષા, માહિતી, પસંદગી, રજૂઆત, નિવારણ અને ગ્રાહક શિક્ષણ જેવા મહત્વપૂર્ણ અધિકારો મળ્યા છે. ઈ-કોમર્સ અને ઓનલાઈન શોપિંગના વધતા ઉપયોગને કારણે ગ્રાહકો માટે સજાગ રહેવું અત્યંત જરૂરી બન્યું છે. પ્રોડક્ટની ગુણવત્તા તપાસવી, સુરક્ષિત પેમેન્ટ પદ્ધતિઓ અપનાવવી અને શંકાસ્પદ જાહેરાતોથી સાવચેત રહેવું આજના સમયમાં અનિવાર્ય છે. ફરિયાદોના ઝડપી નિવારણ માટે વર્ચ્યુઅલ હિયરિંગ જેવી સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી છે. ભારત સરકારનું "જાગો ગ્રાહક જાગો" અભિયાન ગ્રાહક જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ગુણવત્તા ચિહ્નો અંગે માહિતી, મીડિયા મારફતે જનજાગૃતિ અને રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન (1800-11-4000 / 14404) દ્વારા ન્યાય સુધી સરળ પહોંચ સુનિશ્ચિત કરવામાં આવી છે. જાગૃત ગ્રાહક જ સશક્ત અને ન્યાયસભર બજાર વ્યવસ્થાનો આધાર છે. આ રાષ્ટ્રીય ઉપભોક્તા અધિકાર દિવસના અવસરે, ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણે જાણકાર, સજાગ અને જવાબદાર ઉપભોક્તા બનીએ.

# મુલદમાં NH 48 પર ટ્રકમાં લાગેલી ભીષણ આગ,ચાલકનો બચાવ

(પ્રતિનિધી) અંકલેશ્વર,ભરૂચ,તા.23

અંકલેશ્વર ભરૂચ વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH-48 પર મુલદ ટોલપ્લાઝા પાસે મંગળવારે સવારે એક ટ્રકમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી.સદનસીબે, ટ્રક ચાલકે સમયસર વાહનમાંથી બહાર નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. રોડ ચાલતી ટ્રકમાંથી ધુમાડો નીકળતો જોઈને ચાલકે તાત્કાલિક વાહન સાઈડમાં ઊભું રાખીદઈને નીચે ઉતરી ગયો હતો.આ સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તરત જ ઘટનાસ્થળે દોડી આવી હતી.આગને કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર ફાયટરોએ આગને સંપૂર્ણપણે નિયંત્રિત કરી લીધી હતી, જોકે ટ્રકને ભારે નુકસાન થયું હતું. આગની ઘટનાને પગલે NH-48 પર બંને તરફ વાહનોની લાંબી કતારો જામી જતા ટ્રાફિકજામ થયો હતો.પોલીસે ટ્રાફિકને નિયંત્રિત કરીને ધીમે ધીમે વાહન વ્યવહાર ફરીથી પૂર્વવત થઇ ગયો હતો.આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

બીજા વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે આયોજન કરાયું

# ગુજરાત ખાતે કુદરતી ખેતી, કુદરતી ઉપચાર યોગ, ધ્યાન અને આરોગ્ય મેળો યોજાયો

(પ્રતિનિધી) વડોદરા,તા.23

બીજા વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે, ભારત સરકારના આયુષ મંત્રાલય, સૂર્યા ફાઉન્ડેશન-આંતરરાષ્ટ્રીય નેચરોપેથી ઓર્ગેનાઈઝેશન (INO) અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, ગુજરાતના સહયોગથી 20 અને 21 ડિસેમ્બર, 2025 ના રોજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી કેમ્પસ, હાલોલ જિલ્લા પંચમહાલ, ગુજરાત ખાતે કુદરતી ખેતી, કુદરતી ઉપચાર-યોગ, ધ્યાન અને આરોગ્ય મેળો, 2025 પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં 1000 થી વધુ કુદરતી ખેતી વૈજ્ઞાનિકો, કુદરતી ઉપચાર ડોકટરો, યોગ નિષ્ણાતો, કુદરતી ખેતી સંશોધન વિદ્વાનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, અન્ય મહાનુભાવો, પ્રતિનિધિઓ અને સામાન્ય લોકો ભાગ લીધો હતો.

આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન આચાર્ય દેવવ્રત જી, ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. જીતુભાઈ વાઘાણી, માનનીય કેબિનેટ મંત્રી અને રમેશભાઈ કટારા, કેબિનેટ મંત્રી અને રાજ્ય મંત્રી, કૃષિ વિભાગ, ગુજરાત સરકાર, પ્રો. મહેશભાઈ શાહ, પંચમહાલ કલેકટર શ્રી અજય દહિયા (IAS), ડૉ. કે. સત્યલક્ષ્મી, ભૂતપૂર્વ ડિરેક્ટર, NIN, આયુષ મંત્રાલય, ડૉ. સંગીતા નેહરા, ભૂતપૂર્વ



ડિરેક્ટર આયુષ, હરિયાણા, ડૉ. ડી. એન. શર્મા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ INO, ડૉ. સરસ્વતી કલા, પ્રમુખ-INO ઉત્તરાખંડ. ડો.વિજયલક્ષ્મી રેડ્ડી, ડો.ભરતભાઈ શાહ, ડો. ધારા જીતેન ભટ્ટ. ડૉ. ફાલ્ગુની પટેલ, ડો.ગૌરાંગ વ્યાસ, આચાર્ય મોહન ગુપ્તા, આચાર્ય પૂજા બંસલ અને અન્ય પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આચાર્ય દેવવ્રતજીએ પોતાનો અનુભવ શેર કર્યો અને કહ્યું કે તેઓ ક્રોનિક અલ્સેરેટિવ કોલાઈટિસથી પીડાઈ રહ્યા છે. તેમનો રોગ ફક્ત નેચરોપેથી, રસાયણ મુક્ત કુદરતી ખોરાક અને યોગ અને પ્રાણાયામની પ્રેક્ટિસ સિવાય કોઈ પણ ઉપચાર દ્વારા મટાડી શકાય નહીં.

# ગરબાડામાં અલ્ટો કારની અડફેટે 9 વર્ષની બાળકીનું મોત

(પ્રતિનિધી) ગરબાડા,તા.23

ગરબાડા તાલુકાના સાહડા ગામે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. શાળાએ જઈ રહેલી 9 વર્ષની બાળકીને અલ્ટો કારે ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સાહડા ગામના ડુંગરા ફળિયાની રહેવાસી રાઠોડ તનિષ્કા છત્રસિંહ (ઉ.વ. 9) ધોરણ 4માં અભ્યાસ કરતી હતી. તે સવારે પોતાના ઘરેથી શાળાએ જવા માટે દાહોદ-અલીરાજપુર હાઈવે પરથી પગપાળા પસાર થઈ રહી હતી. આ દરમિયાન ગરબાડા તરફથી પૂરઝડપે આવી રહેલી અલ્ટો કારના ચાલકે તનિષ્કાને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાળકી કાર સાથે દૂર સુધી ઢસડાઈ ગઈ હતી, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. અકસ્માત સર્જી કાર ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. જોકે, ઘટનાની જાણ થતાં જ ગ્રામજનોએ તેનો પીછો કરી અભલોડ ગામેથી કાર ચાલકને ઝડપી પાડ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ ગરબાડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

25 થી 28 ડિસેમ્બર દરમિયાન પંચમહોત્સવ યોજાશે

# વડા તળાવ ખાતે પંચમહોત્સવ-2025 સંદર્ભે પંચ મહોત્સવનું પ્રિ-લોન્ચિંગ ઈવેન્ટ યોજાયું

(પ્રતિનિધી) હાલોલ,તા.23

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ટુરિઝમને વધુ વેગ મળે તેવા હેતુસર જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્યના ટુરિઝમ વિભાગ દ્વારા પંચમહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે પાવાગઢના વડાતળાવ કિનારે આગામી 25 ડિસેમ્બરથી 28 ડિસેમ્બર દરમ્યાન યોજાનાર પંચમહાલ જિલ્લાનો પોતીકો ઉત્સવ પંચમહોત્સવ 2025 નો પ્રી-લૉન્ચિંગ કાર્યક્રમ ગઈકાલે સોમવારે મહોત્સવ સાઈટની ટેન્ટસિટી ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં અધિક જિલ્લા કલેક્ટર, હાલોલ પ્રાંત અધિકારી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અજય દહીયાંએ ચાર દિવસીય મહોત્સવની સંપૂર્ણ રૂપરેખા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે 2025ના પંચ મહોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમો,




લોકકલા-લોકસંગીત, હસ્તકલા અને પરંપરાગત વાનગીઓ સાથે અનેક વિશિષ્ટ એક્ટિવિટીઓનું આયોજન કરવામાં આવશે, જેનાથી જિલ્લાની સંસ્કૃતિ અને પર્યટનને નવી ઊંચાઈ મળશે.મહોત્સવના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે જિલ્લા વહીવટી તંત્ર સાથે તમામ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્ઝર્સને સહિયારા પ્રયાસ કરવા તેમણે હાકલ કરી હતી.

# પરિવર્તન' અંતર્ગત છેલ્લા 10 વર્ષમાં 10.56 કરોડ લોકોના જીવનમાં હકારાત્મક બદલાવ

વડોદરાઃ ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકે પોતાની પ્રથમ સ્ટેન્ડઅલોન વાર્ષિક સીએસઆર રીપોર્ટ જાહેર કરી, સમાજપ્રતિબદ્ધતાના દશકભરના પ્રવાસને રેખાંકિત કર્યો છે. નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન બેંકે સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ 1,068 કરોડ ખર્ચ્યા છે, જે ગયા વર્ષ કરતા નોંધપાત્ર વધારો દર્શાવે છે. 31 માર્ચ, 2025 સુધી કુલ 6,176 કરોડનું સીએસઆર રોકાણ કરવામાં આવ્યું છે. બેંકની મુખ્ય સીએસઆર પહેલ 'પરિવર્તન' અંતર્ગત છેલ્લા દસ વર્ષમાં 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 10.56 કરોડ લોકોના જીવનમાં હકારાત્મક બદલાવ લાવવામાં આવ્યો છે. ભારત સરકારના 112 મહત્વકાંક્ષી જિલ્લાઓમાંથી 102 જિલ્લાઓમાં આ કાર્યક્રમો અમલમાં મૂકાયા છે, તેમજ 298 સરહદી ગામોને પણ આવરી લેવામાં આવ્યા છે. સીએસઆર રીપોર્ટમાં ગ્રામ્ય વિકાસ, શિક્ષણ, કૌશલ્ય તાલીમ, આરોગ્ય અને સ્વચ્છતા, નાણાકીય સાક્ષરતા તથા કુદરતી સંસાધન વ્યવસ્થાપન જેવા છ મુખ્ય ફોકસ ક્ષેત્રો દર્શાવવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવે દ્વારા તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર

# 4 વધુ ટ્રેનોમાં OTP-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમનો વિસ્તાર કરવામાં આવ્યો

**ટીકીટ** સિસ્ટમ-જનરેટેડ વન ટાઈમ પાસવર્ડના પ્રમાણીકરણ પછી જ જારી કરવામાં આવશે

**વડોદરા**-દાહોદ-વડોદરા મેમૂ અસ્થાયી રૂપે રદ

( પ્રતિનિધિ )વડોદરા,તા.23

રેલ્વે બોર્ડની માર્ગદર્શિકા અનુસાર પશ્ચિમ રેલ્વે તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મૂકશે. તત્કાલ ટિકિટ હવે સિસ્ટમ-જનરેટેડ વન ટાઈમ પાસવર્ડના પ્રમાણીકરણ પછી જ જારી કરવામાં આવશે. આ OTP બુકિંગ સમયે મુસાફર દ્વારા આપવામાં આવેલા મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે અને OTP ની સફળ માન્યતા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી, શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ અનુસાર, ઓટીપી -આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ 21 WR શરૂ કરતી ટ્રેનોમાં પહેલાથી જ લાગુ કરવામાં આવી છે. હવે, 24 ડિસેમ્બર 2025 થી ચાર વધુ ટ્રેનોમાં OTP-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમનો વિસ્તાર કરવામાં આવ્યો છે. જે ચાર ટ્રેનોમાં ટ્રેન નં. 14702 બાંદ્રા ટર્મિનસ - શ્રી ગંગાનગર એક્સપ્રેસ., ટ્રેન નં. ૧૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ - બરૌની એક્સપ્રેસ., ટ્રેન નં. ૧૯૪૮૩ અમદાવાદ - સહરસા એક્સપ્રેસ., ટ્રેન નં. ૨૨૯૫૬ ભુજ - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ., નવી સિસ્ટમ કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટર્સ, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ અને આઈઆરસીટીસી મોબાઈલ એપ્લિકેશન દ્વારા કરવામાં આવતી તત્કાલ બુકિંગ માટે લાગુ પડશે.

આ ફેરફારનો ઉદ્દેશ્ય પારદર્શક તત્કાલ બુકિંગ સુનિશ્ચિત કરવાનો અને વાસ્તવિક મુસાફરોને તત્કાલ ટિકિટોની વધુ સારી એક્સેસ મેળવવામાં સુવિધા આપવાનો છે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ બુકિંગ સમયે માન્ય, સુલભ મોબાઈલ નંબર પ્રદાન કરે જેથી ઓટીપી ચકાસણી પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય. પશ્ચિમ રેલ્વે તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ ફેરફારની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. વડોદરા-દાહોદ-વડોદરા મેમૂ અસ્થાયી રૂપે રદ દાહોદ-વડોદરા વચ્ચે ચાલતી ટ્રેન નંબર 69233/69234 વડોદરા-દાહોદ-વડોદરા મેમૂ 02 જાન્યુઆરી, 2026 થી 30 જાન્યુઆરી, 2026 સુધી રદ રહેશે.

બાળક ઊંધું હતું અને ગળામાં નાળ પણ વીંટળાયેલી હતી પરંતુ કુશળતાપૂર્વક બાળકની સલામત ડિલિવરી કરાવી

# 108 એમ્બ્યુલન્સ બની નવજાત બાળકનું નવજીવન

**તાત્કાલિક** પ્રસવ થવાની સંભાવના હોવાથી સ્થળ પર જ ડિલિવરી કરાવી: ઓનલાઇન ફિઝિશિયનનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવ્યું

**108 એમ્બ્યુલન્સ** સેવા માત્ર પરિવહન નહીં પરંતુ જીવનરક્ષક સેવા છે, જ્યાં તાલીમબદ્ધ સ્ટાફની તત્પરતા અને નિષ્ઠાથી અનેક જીવ બચી રહ્યા છે

વડોદરા,તા.૨૩ઃ ઉનાળો હોય કે વરસાદ, કડકડતી ઠંડી હોય કે શહેરી વિસ્તાર કે પછી ગામડાની સીમ વિસ્તારો– 108 એમ્બ્યુલન્સ સેવા માત્ર એક કોલ પર અચૂક સેવા માટે સજ્જ રહે છે. આવી



જ એક જીવ બચાવતી ઘટના આજે વહેલી સવારે વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કુરાલી નજીક આવેલા કાસમપુર ગામની સીમ વિસ્તારમાં સામે આવી છે. વહેલી સવારે એક પ્રસૂતા માતાને અચાનક ડિલિવરીના દુઃખાવા શરૂ થતાં તેમના પતિએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ સેવામાં ફોન કર્યો હતો. કુરાલી ગામે તૈનાત 108 એમ્બ્યુલન્સ માત્ર ૮ મિનિટમાં દર્દીના જણાવેલ સ્થળે પહોંચી ગઈ હતી. પ્રસૂતા માતા જ્યાં હતી ત્યાં સુધી વાહન પહોંચે તેમ ન હોવાથી EMT વિપુલ જરૂરી ડિલિવરી કિટ સાથે પગપાળા ઘરે પહોંચી ગયા હતા. તપાસ દરમિયાન તાત્કાલિક પ્રસવ થવાની સંભાવના હોવાથી સ્થળ પર જ ડિલિવરી કરાવવી અનિવાર્ય બની ગઇ હતી. તપાસ દરમિયાન બાળક ઊંધું હતું અને ગળામાં નાળ પણ વીંટળાયેલી હતી, જે એક ગંભીર સ્થિતિ હતી. EMT વિપુલે તાત્કાલિક હેડ ઓફિસમાં બેઠેલા ઑનલાઈન ફિઝિશિયનનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવ્યું અને EMT ટ્રેનિંગમાં આપેલ ટ્રેનિંગથી ખૂબ કુશળતાપૂર્વક બાળકની સફળ અને સલામત ડિલિવરી કરાવી હતી. ડિલિવરી બાદ બાળક રડતું ન હતું તેમજ તેના ધબકારા અને શ્વાસોશ્વાસ ખૂબ ઓછા હતા. આ પરિસ્થિતિમાં EMT વિપુલે ન્યુબોર્ન રિસસિટેશન પ્રક્રિયા હાથ ધરી અને સતત કાળજી રાખી. હોસ્પિટલ પહોંચતા પહેલાં જ બાળકના ધબકારા અને શ્વાસોશ્વાસ સામાન્ય થઈ ગયા હતા. ગુજરાતમાં 108 ઈમરજન્સી સેવા વર્ષ 2007માં શરૂ કરવામાં આવી હતી. એક જ ફોન કોલ પર દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડનાર 108 ઈમરજન્સી સેવા એ ૧૮ વર્ષમાં લાખ લોકોના જીવ બચ્યા છે. વડોદરા જિલ્લાની આ ઘટનાએ ફરી એકવાર બતાવે કે 108 એમ્બ્યુલન્સ સેવા માત્ર પરિવહન નહીં પરંતુ જીવનરક્ષક સેવા છે, જ્યાં તાલીમબદ્ધ સ્ટાફની તત્પરતા અને નિષ્ઠાથી અનેક જીવ બચી રહ્યા છે. આપત્તિનાં સમયમાં લાખો લોકોના જીવન બચાવનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા જીવાદોરી સમાન બની ગઈ છે.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Regd. & Corp. Office : 'Urja Sadan',**
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tender details are put up on www.dgvcl.com (for view & download tender documents) and https://tender.nprocure.com (for view & download and online tender submission).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp. office/Civil/2025/O&M FF SYS/272 | Rs. 13,59,360/- |

**Note**: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. **ACE (P), DGVCL, Surat.**